# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

ઈ-મેગેઝીન • વર્ષ : ૩ • અંક : ૮ • સળંગ અંક : ૧૧૧ • તા. ૨૫ જૂલાઈ થી ૩૧ જૂલાઈ ૨૦૨૦



**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.


# ગુજરાત સરકાર દ્વારા ધાર્મિક પ્રસંગો તેમજ પર્યુષણ પર્વની આરાધના માટે વિશેષ ગાઈડલાઈન જાહેર




SAVIOUR®
Performing PPE
Sure Safety
Complete Safety Solutions
COVID-19 OFFER
SPECIAL DISCOUNT
FOR ALL KDO
20% OFF
EN 166
FPSAV-F-SS
COVID-19 Face Shield
NIOSH/EN 149-2001 + A1:2009/FFP2
RPSAV-N95
N-95 Respirator
SITRA Approved
BPSAV-VGS
N-95 Respirator
EN 166
EYSAV-CHS-S
Chemi Splash Small
*Offer Valid till Stocks last!!! at factory Prices.
BOOK YOUR ORDER
DEALERS WANTED
www.suresafety.com
healthcare@suresafety.com | onlinestore@suresafety.com
+91 9974901995 | +91 7229079494


જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા

**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ
જયંત વસનજી છેડા
રાજેન્દ્ર મણિલાલ ખોના
લક્ષ્મીચંદ લાલજી પોલડીયા
પ્રવીણ હંસરાજ લોડાયા
તિલોકચંદ નરશી દંડ
કીર્તિકુમાર ધનજી ધરમશી

**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org
Email :
gyatimaiya2018@gmail.com

**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.

## અમારી વાત... સંપાદક સ્થાનેથી

# કોરોના રોગનો બોધપાઠ

કોરોના સંકટમાં દેશને પોતપોતાની રીતે મદદ કરવા હેસીયત પ્રમાણે સહાય કરવા વ્યક્તિગત કે સંગઠન, મંડળ ટ્રસ્ટ કે મહાજન સૌ આગળ આવી પોતાનો ફાળો આપી રહ્યાં છે. આ સંકટ કાળ અણધાર્યું તેમજ મોટું આફત રૂપ છે. કેટલું હજી લાંબો સમય જન જીવનને પ્રભાવિત કરી રહેશે એની કોઈને કલ્પના પણ નથી. આ આપદા માનવજાત માટે મોટો પડકાર છે. જીવહાનિ, સાથે અર્થતંત્રની નુકસાનીની મોટી માર આ રોગે દેશને આપી છે. કોરોનાના દર્દીઓને મદદરૂપ થવા ડૉક્ટરો, નર્સો, પેરામેડિકલ સ્ટાફ, સફાઈ કામદારો, પોલીસ કર્મચારીઓ સખત જહેમત ઉઠાવી રહ્યાં છે. તેમનું મોરલ જળવાઈ રહે એ માટે લોકો પોતાની ક્રીએટિવી બતાવી થેન્કસ વીડિયો બનાવી સોશ્યલ મીડિયા પર મૂકી રહ્યાં છે. આ પણ એક જાતની સેવા છે. આ વીડિયો જોઈ સૌને એક પળ માટે આવા કોરોના વોરિયર્સ પ્રત્યે આદર ભાવ, લાગણી થવાની છે. જેઓ નજીકથી કોરોના રોગીઓની સારવાર ઈલાજ કરી રહ્યાં છે. તેઓ સુધી આપણે ભલે પહોંચી ન શકીએ પણ એમની પાછળ ટેકો આપવા જરૂર ઊભા રહી શકીએ. આ કપરું કામ એવા જ લોકો કરી શકે જેમનામાં દૂર રહીને પાસે રહેવાની આવડત હોય, દૂર રહીને પણ પાસે રહેવું એ અત્યંત મુશ્કેલ કાર્ય છે.

મોટા ભાગના લોકો સાથે રહેતા હોવા છતાં પાસે રહી શકતાં નથી. એવી જ રીતે દૂર રહીને કોઈની પાસે રહેવા માટે જુદા જ પ્રકારની માનસિક અને શારીરિક સજ્જતા હોવી જોઈએ. જાત અને હાથથી બંન્ને રીતે અઢળક રીતે ખેંચાઈને અન્યોની મદદ કરવાની ભાવના દિલમાં રાખનાર જ આ કાર્ય સફળતાપૂર્વક કરી શકે છે.

આ કોરોના સંકટ સમય આપણને ઘણી બધી સમજણ, શિખામણ બોધ આપેલ છે. જૂનું બધું ભૂલી નવેસરથી જીવન શૈલી બનાવી એ રીતે જીવવું પડશે. કોરોનાનો કાળ આપણી પર મંડરાતો રહેવાનો છે. એની ક્યાં સુધી અસર રહેશે એ કોઈ કલ્પી શકતું નથી. આ રોગએ એકબીજાથી બે ગજ દૂર રહેવાનો સંદેશો આપ્યો છે. સોશ્યલ ડિસ્ટન્સિંગનો આ મંત્ર હૈયે રાખી દૂર છતાં સમીપ રહેવાની કળા આત્મસાત કરવી પડશે.

કોરોના વિષાણુ આપણાથી દૂર રહે એવા પ્રયત્નો કરવા જરૂરી છે. કોરોના વાયરસથી સંક્રમિત રોગી પ્રત્યે સહાનુભૂતિ રાખવી, તેની હિંમત વધે એવી હમદર્દી બતાવવી જરૂરી છે. કોરોનાથી પોઝિટીવ થનારની વિચારસરણી પોઝિટીવ રહે એ જોવું જોઈએ. ક્વોરન્ટીન થયેલ એના પરિવારજનોને મદદ રૂપ થઈ શકીએ. આ બીમારીએ દર્દીઓને એકલા પાડી દેવા મજબૂર કર્યા છે. તેઓ એકલા રહે, એકાંતમાં રહે એ આ રોગીઓની કરૂણતા છે. પણ આ પરિસ્થિતિમાં તેઓનો મનોબળ ન તૂટે, સામર્થ્ય બળ અતૂટ રહે એવો સહારો તેમને આપીએ. માનસિક સધિયારાથી ભલભલા મુસીબતોને લાંઘી શકે એટલી હિંમત બનાવી શકે છે. સોશ્યલ ડિસ્ટન્સિંગ આપણને દૂર ન કરી દે એ જોવું, સમજવું જરૂરી છે. આ મહામારી કોરોના રોગનો આપણા માટે બોધપાઠ છે. જે સૌએ શીખવાની જરૂર છે. દૂર રહીને પાસે રહેવાની કળા આ રોગએ આપણને શીખવાડી છે.

– જય જ્ઞાતિમૈયા

# અર્ધ પાંગરેલા પુષ્પોને પ્રોત્સાહન આપીએ

પરમાત્મા જ્યારે શરીરની એક ઈન્દ્રિયની ખામી આપે ત્યારે બીજી ઈન્દ્રિયોની સતર્કતા અને ક્ષમતાઓ અધિક આપે છે. એક અંગની ખોટની ભરપાઈ કરી બીજા અંગો આપ મેળે ખીલી ઉઠે છે. અપંગ, વિકલાંગ કહેવાતા વિશેષ વ્યક્તિઓને માટે દિવ્યાંગ સંબોધન-ઉદ્‌બોધન એ વ્યક્તિમાં કંઈક ખોટ કે ખામી નહીં પણ અંગમાં દૈવી તત્વ, દિવ્ય તેજ, દિવ્ય તાકત અને દિવ્ય શક્તિ છે. એવું ઈંગિત કરે છે.

બહુમતી લોકોથી વેગળી આવી વ્યક્તિઓ અર્ધ ખીલેલા પુષ્પો જેવા છે. પોતાની ખામી, ખોટથી એકલા સોરવાય નહીં, હીણી લાગણી ન અનુભવે એ માટે તેઓ પ્રત્યે દયા કે વિચારાની લાગણી નહિં પણ હેત-ભાવ, પ્રોત્સાહન-ઉત્સાહ આપી એ. પોતે એકાંતના કોચલામાં પૂરાયેલા ન રહે અને સમૂહમાં હળે, મળે, ભળે એવો તેમને ઉત્તેજન પૂરું પાડીએ. તેમના પરિવારજનો વડીલોને પ્રોત્સાહન આપીએ, શાબાશી આપીએ અને તેઓ દિવ્યાંગ સંતાનોનો ઉછેર-જેમ બગીચામાં માળી છોડની કરે છે એ રીતે કરે એ માટે તેઓને સહકાર આપીએ. શાબાશી આપી તેમની પીઠ થાબડીએ.

દિવ્યાંગ વ્યક્તિઓ દિવ્યજનો છે. સમસ્ત મહાજનની દિવ્યાંગ પાલક યોજના છે. એમાં સહભાગી બનીએ. આવી વિશિષ્ટ વ્યક્તિઓ પોતાની આવડત કલા-શોખને રોજગાર બનાવીને જીવન ગુજારો કરી શકે એવી વ્યવસ્થા ઊભી કરવામાં મદદરૂપ થઈએ. જેથી તેમનામાં પરાવલંબનની ભાવના નીકળે અને આત્મવિશ્વાસ આત્મ નિર્ભરતાનો ભાવ જાગે.

શારીરિક અક્ષમતાનો ભાવ દૂર કરી, પોતાની દૈવી શક્તિઓની ક્ષમતા પૂર્ણપણે બહાર લાવે, રચનાત્મક પ્રવૃત્તિની ખીલવણી કરે તો એમને પણ જિંદગી જીવવા, જેવી માણવા જેવી લાગે. એવો આપણે તેમને માહોલ આપીએ.

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# ગુજરાત સરકાર દ્વારા ધાર્મિક પ્રસંગો તેમજ પર્યુષણ પર્વની આરાધના માટે વિશેષ ગાઈડલાઈન જાહેર

વર્તમાન સમયે કોરોનાના કેરથી સૌ ત્રસ્ત છે. આ કારમો સમય અનેક રીતે અનોખો, આકરો અને અસહ્ય છે. આવો સમય અગાઉ ક્યારે આવ્યો નથી અને આવવો પણ ન જોઈએ. સર્વત્ર હાહાકાર વ્યાપી ગયો છે. વાવાઝોડા, અતિવૃષ્ટિ કે અછત-દુષ્કાળ બે-ચાર દિવસ તબાહી મચાવી શાંત થઈ અથવા બે-ત્રણ માસ દોહલા થાય. ભલે આ બધી આફતની અસર ઘણા સમય સુધી લાગે. પણ આ વાયરસ ચાર માસથી તબાહી મચાવીને સમગ્ર વિશ્વને ફરતે ભરડો લીધો છે.

માદરે વતન કચ્છમાં કોરોના વાયરસનો પ્રકોપ દિવસે દિવસે વધતો જાય છે. જેમાં અબડાસા તાલુકામાં વિશેષ પ્રસાર થયો છે. જે માટે કલેક્ટર કચેરી દ્વારા ફરી સખત પગલા લેવા નિયમો જાહેર કરાયા છે. આ ક્ષેત્રમાં આપણી આસ્થા શ્રદ્ધા સ્થાનકો ધરાવતા પંચતીર્થના નગરો પણ આવરી લેવાયા છે. આગામી તહેવારો, ઉત્સવો, પર્યુષણ પર્વને જાહેર રીતે સાર્વજનિક રીતે સામૂહિક રીતે ન ઉજવવી પણ ભક્તોને આસ્થાને ધ્યાનમાં રાખી ગુજરાત સરકાર દ્વારા એક વિશેષ માર્ગદર્શિકા બહાર પાડવામાં આવી છે જેની સૂચના નીચે પ્રમાણે છે તેને ધ્યાનમાં રાખી પર્વાધીરાજ પર્યુષણ પર્વની આરાધના કરવી.

## ધાર્મિક સ્થળો માટેની સૂચના

- દરેક ધાર્મિક સ્થળના મેઈન પ્રવેશ દ્વાર પર હેન્ડ સેનિટાઈઝર અને થર્મલ સ્કેનીંગની વ્યવસ્થા કરવી.
- માત્ર સ્વચ્છ વ્યક્તિઓને પ્રવેશ આપવું.
- માત્ર માસ્ક પહેરેલ વ્યક્તિઓને પ્રવેશ આપવું.
- કોવિડ-૧૯ અંગેની જાગૃતતા દર્શાવતા પોસ્ટર કે બેનર લગાડવો.
- અજાણી વ્યક્તિઓને પ્રવેશ આપવું નહીં.
- પગરખા પોતાની ગાડીમાં અથવા દૂર ઉતારીને આવવું.
- પાર્કિંગથી લઈને ગર્ભગૃહ સુધી સોશિયલ ડિસ્ટનસીંગનું પાલન કરાવવું.
- પાર્કિંગમાં આવેલી દુકાનોમાં પણ સોશિયલ ડડિસ્ટનસીંગનું પાલન કરાવવું.
- સોશિયલ ડિસ્ટનસીંગ સહેલાઈથી થઈ શકે માટે જમીન પર નિશાન કરેલ બોક્સ કે રાઉન્ડ બનાવવો.
- અંદર આવવા માટે અને બહાર જવા માટે અલગ રસ્તો, દરવાજો ઉપયોગ કરવું.
- એકબીજાથી ૬ ફુટનું અંતર રાખવું.
- મુખ્ય પ્રવેશ દ્વારમાં પ્રવેશ કરતી દરેક વ્યક્તિઓએ હાથ-પગ સાબુથી ધોવા.
- બેસવાની વ્યવસ્થા પછા સોશિયલ ડિસ્ટનસીંગનું જળવાય એ રીતે કરવી.
- એરકંડીશન (એસી) ૨૪ થી ૩૦ ડીગ્રી તાપમાનમાં ચલાવી શકાશે. ભેજનું પ્રમાણ ૪૦ થી ૭૦ ટકા હોવું જોઈએ. તાજી હવાની અવર-જવર થઈ શકે એ રીતે એસી ચાલુ રાખવું. એસી ચાલુ હોય ત્યારે કોઈપણ દરવાજા કે બારી બંધ રાખવા નહીં.
- ભગવાનની મુર્તિ કે ધાર્મિક ઉપકરણ, પુસ્તકોને હાથ લગાડવું નહીં.
- ધાર્મિક પ્રસંગોની ઉજવણી કે લોકોને ભેગા કરવા પર સખ્ત પ્રતિબંધ છે.
- માત્ર રેકોર્ડ કરેલા સંગીત કે ભજન સીડી, ડીવીડી, કેસેટ ટેપ મારફતે વગાડવા. ભક્તો કોઈપણ જાતના ભજન પોતાના મોઢેથી ગાઈ શકશે નહીં. કારણ કે કોવિડ-૧૯ વાયરસ સૌથી વધુ મોઢા દ્વારા ફેલાય છે.
- ધાર્મિક સ્થળોએ એકબીજાને ભેટવાની મનાઈ છે કે હાથ મિલાવાની મનાઈ છે.
- ધાર્મિક ક્રિયામાં વપરાતી કોમન શેતરંજી વાપરી શકાશે નહીં. દરેક વ્યક્તિએ ધાર્મિક ક્રિયા માટે પાથરવા માટે આસન, શેતરંજી, ચાદર પોતાના ઘરેથી લાવી અને પરત લઈ જવી.
- કોઈપણ જાતના પ્રસાદ, પવિત્ર પાણી કે અન્ય કોઈપણ ખાવા-પીવાની વસ્તુ, ફુલની મનાઈ છે.
- ધાર્મિક સંસ્થાઓના રસોડામાં રસોઈ બનાવતી વખતે સોશિયલ ડિસ્ટન્સ રાખવું જરૂરી છે. એવી જ રીતે ભોજનશાળામાં જમતી વખતે પણ.
- ધાર્મિક સ્થળોનું સમયાંતરે સેનિટાઈઝેશન કરવું જરૂરી છે. તેમજ હાથ-પગ ધોવાની જગ્યા, અવર-જવરની જગ્યા

# ગુજરાત સરકાર દ્વારા ધાર્મિક પ્રસંગો તેમજ પર્યુષણ પર્વની આરાધના માટે વિશેષ ગાઈડલાઈન જાહેર

દરરોજ સાફ કરવી.

- ધાર્મિક સ્થળના સંચાલકો સ્વચ્છતા અને ઈન્ફેક્શન ન ફેલાય તે માટેના પગલા લેવા માટે જવાબદાર રહેશે.
- ધાર્મિક સ્થળના ગર્ભગૃહ કે ગંભારા, પ્રાર્થના કરવાના સ્થળોને વારંવાર સાફ કરાવવા.
- વપરાયેલા માસ્ક તથા ગ્લોસ અન્ય વસ્તુઓનું યોગ્ય રીતે નિકાલ કરવાનો રહેશે. ગંદગી કે ઈન્ફેક્શન ન ફેલાય તે રીતે.

**જો કોઈ વ્યક્તિ (આરોગ્ય રીતે) શંકાસ્પદ જણાય તો**

- સૌ પહેલાં તેને એકલાંને અલગ રૂમમાં રાખો અને બીજાથી અલગ કરો.
- શંકાસ્પદ વ્યક્તિને માસ્ક પહેરેલો રાખવો. ડોક્ટરને જાણ કરવી.
- નજીકના મેડીકલ ઓફિસર અથવા રાજ્ય અને જીલ્લાના હેલ્પલાઈન પર જાણ કરવી.
- આરોગ્ય ખાતાની ટીમ આવીને તે વ્યક્તિની તપાસ કરશે. જો પોઝિટીવ આવશે તો તેનો સંપર્કમાં આવેલ તમામ વ્યક્તિઓનું આરોગ્યનું પરીક્ષણ કરાવવું અને બીજી સુચના જે આરોગ્ય ખાતા દ્વારા અપાય તેનું સખતાઈથી પાલન કરવું.
- ધાર્મિક સ્થળોમાં આવતી વ્યક્તિનો કોવિડ-૧૯ પોઝીટીવ જણાય તો આખા સ્થળને સેનિટાઈઝ કરવાનું રહેશે.
- પોતાના સ્માર્ટફોન મોબાઈલ આરોગ્ય સેતુ એપ્લીકેશન ડાઉનલોડ કરવી અને અન્યને પણ પ્રેરણા કરવી.

# અબડાસા તાલુકામાં આવેલા ધાર્મિક સ્થાનોના સંચાલક મંડળો સાથે ડેપ્યુટી કલેક્ટરની મિટીંગ થઈ

તા.૨૪ જુલાઈ શુક્રવારના રોજ નલિયા મધ્યે તાલુકા પંચાયત કચેરી મધ્યે અબડાસા તાલુકાના ધાર્મિક સ્થાનોના સંચાલકો સાથે ડેપ્યુટી કલેક્ટર સાહેબના અધ્યક્ષ સ્થાને મિટીંગ મળી. જેમાં તાલુકાના વિવિધ સમાજોના આગેવાનો અને ધાર્મિક સ્થાનોના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

કેડીઓ જૈન સમાજ વતી અબડાસા તાલુકા પંચતીર્થી મહાજનોના ટ્રસ્ટીગણ નલિયાના મુલચંદભાઈ મોતા, મહેશભાઈ નાગડા, તેરાના પ્રવીણભાઈ દંડ, કોઠારાના દિનેશભાઈ અજાણી, સાંધાણ, સુથરી, જખૌના મેનેજરો હાજર રહ્યાં હતા.



હાલે શ્રાવણ માસના તહેવારો શરૂ થયા છે. ત્યારે હાલે જિલ્લામાં તેમજ તાલુકામાં કોરોના મહામારીનો વ્યાપ જે રીતે વિસ્તરી રહ્યો છે તેની તકેદારી રાખવા જાગૃતિ રખાય એની તકેદારી રૂપે આ મિટીંગ સરકાર સ્તરે રાખવામાં આવેલ હતી.

જેના ખાસ મુખ્ય મુદ્દા નીચે મુજબ ચર્ચાયા હતા.

૧) સરકારશ્રીના નિયમ મુજબ ધાર્મિક મેળાવડા, ઉત્સવ ઈત્યાદિ કાર્યક્રમો યોજી શકતા નથી. ૨) પોથી-પારણાના વરઘોડા કે તેના જાગરણ સરકારશ્રીની ગાઈડ લાઈન્સ મુજબ યોજી શકાશે નહિં. ૩) સંઘ જમણ જેવા કાર્યક્રમો પણ યોજી શકાશે નહીં.

આ બાબતે અબડાસા તાલુકાની મોટી પંચતીર્થીના ગામના દરેક મહાજનોના ટ્રસ્ટી ગુણો આના ઉપરથી ગાઈડ લાઈન વહેલી તકે નક્કી કરી સ્થાનિક પેઢી ઉપર મેનેજરશ્રીને સૂચન કરે.

# વરાડીયા નગરે ચિંતામણિ પાર્શ્વનાથ સ્વામી જિનાલયની ૧૧૮મા વર્ષગાંઠે ધ્વજારોહણ મહોત્સવ થયો







કચ્છ પ્રદેશના અબડાસા તાલુકાના ધર્મ અને ભક્તિના ભાવથી રંગાયેલ વરાડીયા નગરના શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ સ્વામી જિનાલયની ૧૧૮મા વર્ષગાંઠ પ્રસંગે ધ્વજારોહણ મહોત્સવ આજની પરિસ્થિતિ લક્ષમાં રાખીને સાદાઈથી છતાં જાજરમાનથી વિધિકાર ચંદ્રકાંતભાઈ દેઢિયા બિદડાવાળાના સાથ સહયોગ સાથે પૂર્ણ ધાર્મિક વિધિ વિધાનથી સંપન્ન થયો.



કચ્છ વરાડીયા નગરે મૂળ નાયક શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ સ્વામીની પ્રભુજીની જમણી બાજુએ બેઠેલા શ્રી આદિનાથ સ્વામી પરમાત્માની પ્રતિમા ૨૨૦૦ વર્ષો પ્રાચીન પ્રતિમાજી છે.





# ફુલ ખીલે ગુલશન ગુલશન



નાગડા પરિવાર
માતા - દીપા
પિતા - પ્રજ્ઞેશ
ગામ - લાલા
હાલ - કરાડ
જન્મ - ૧૫-૬-૨૦૨૦



**દીયા પ્રજ્ઞેશ નાગડા**

લોડાયા પરિવાર
માતા - મમતા
પિતા - નિખીલ
ગામ - સુથરી
હાલ - કેનેડા
જન્મ - ૨૩-૭-૨૦૧૪





**બાની નિખીલ લોડાયા**


## UNLOCK YOUR BUSINESS

Under KDO B2B Platform

**To boost your business is only KDO B2B's motto**

Get your Business Advertisement FREE
in our weekly emagazine GYATIMAIYA
at 1st come 1st basis

Advertisement for any of your business,
gruh udhyog, profesional services, etc.

Home operate business also can be advertised




KDO BUSINESS

For further information please call 90990 41414 (Sheetal Dhulla)

હાથ-ભરતની નાજુક સાડીઓ
સાચવવા માટે મથી રહ્યાં છો?



પ્રાચીન વસ્તુઓનો
સારામાં સારો ભાવ ચાહો છો?

કુટુંબની વારસાગત કળાકૃતિઓનું દાન
કેવી રીતે કરવું તેની મૂંઝવણ થઈ રહી છે?



પ્રાચીન હસ્તકલા સલાહકાર

**કાશ્મિરા લુઠીયા**

પ્રાચીન ભરતકામ
સાચી જરીના વસ્ત્રોના
સંરક્ષણ અને મૂલ્યાંકન
નિષ્ણાત તથા
પારસીવર્કના સંગ્રાહક



મોબાઈલ
9821675772 / 8369888829



**Eternal Threads**

By Kashmira Luthia

# કોરોનાના કપરા કાળમાં સ્ટ્રેસ અનુભવાની હવે જરૂર નથી

# અલ્પાબેન ધરમશી દ્વારા નિઃશુલ્ક કાઉન્સિલીંગ



અલ્પાબેન ગૌતમ ધરમશી

વર્તમાન સમયની પરિસ્થિતિ એવી વિકટ છે, અસામાન્ય છે. જેની કલ્પના કોઈ કરી ન હતી, ક્યારે વિચારી ન હતી કે અગાઉ અનુભવી ન હતી. એક તો આકસ્મિક રીતે આ હાલત આવી પડી અને સૌ બેસહાય બની તેનો ભોગ બન્યા. આ સમય ગાળો સૌને માટે કપરો છે. દરેક વ્યક્તિની દરેક પરિવારની આર્થિક સ્થિતિ ડામાડોળ છે. તો આજની હાલત છેલ્લા ચાર માસથી પ્રર્વતે છે તે હજુ કેટલો સમય સુધી ત્રાસ વર્તાવશે એનો પણ કોઈ અંદાજ નથી. આ અગાઉ નવા ને તરેહ તરેહના રોગના વાવર-પ્રસાર આવ્યા પણ આ કોરોનાનો કેર છે એ ન ભૂતો ન ભવિષ્યતિ છે. એક તો આ અદ્રશ્ય વાયરસનો રોગ, તેમાં ન કોઈ ઈલાજ કે ન કોઈ કારગત રસી. હરતો ફરતો માણસ ક્યારે પોઝિટીવ ડિકલેર થાય એ કંઈ કહી ન શકાય.

મૂળ કહેવાની વાત એ કે બધી ચીજથી પહોંચી વળાય પણ ભય, ડર કે બીક મનોવિકાર થઈ મન મસ્તિકમાં ઘર કરી જાય એ કેમ ચાલે! કોરોનાનો કેર આગળ વધતો વધતો શહેરથી, આજુબાજુના પરિસરમાં, ગલીમાં, પડોશમાં અને હવે તો આપણા ઘરમાં આવવાનો શરૂ થયો છે. પરિવારના એક સભ્યનો રીપોર્ટ પોઝિટીવ આવે એટલે બાકીના મેમ્બર ફરજિયાત આઈસોલેટ થઈ જાય.

૬૦ વર્ષથી ઉપરના, ડાયાબિટીસ, હાર્ટપ્રોબ્લેમ, હાઈપર ટેન્સ, બી.પી., એન્જોપ્લાસ્ટ કરાવી ચૂકેલાઓને વિશેષ કાળજી લેવી પડે છે. કોરોના પોઝિટીવ પેશન્ટના વાયરસ સંક્રમણનો ઈલાજ દવા, આયુર્વેદિક ઈલાજ, નુસખાથી થઈ જાય પણ, ડર, ભયથી કાર્ડિયેકએરેસ્ટ આવવાથી મૃત્યુ થવાના કેસ ઘણા પ્રકાશમાં આવ્યા છે. આ ભય, બીક આશંકાના માહોલનો ઉપચાર-ઈલાજ કરવો જરૂરી છે. સદ્‌ભાગ્યે કોઠારા, હાલે પરેલ-મુંબઈમાં બેંગ્લોરથી થોડા માસ અગાઉ શિફ્ટ થઈ આવેલા **અલ્પાબેન ગૌતમ ધરમશી** એક એક્ષ્પર્ટ કાઉન્સિલર છે. જેઓ ૧૦ વર્ષથી એક બહુભાષી સલાહકાર અને મનોચિકિત્સક, ડિપ્રેશનમાં ગયેલ દર્દીઓ, કેન્સરગ્રસ્ત પેશન્ટોનું કારગત રીતે વિવિધ જગ્યાએ કાઉન્સિલીંગ કરે છે. વર્ષોનો અનુભવ અને અનેક જણોને કાઉન્સિલીંગ દ્વારા તેઓની હિંમત વધારી, મન મક્કમ કર્યું અને વિચાર વલણમાં સમૂળગુ બદલાવ લાવી જાણે નવું જીવન આપ્યું. આપણી જ્ઞાતિમાં કોરોનાને કારણે વધી રહેલા કેસોથી ચિંતિત થઈ તેઓ સ્ટ્રેસ અનુભવતા જ્ઞાતિજનોનું નિઃશુલ્ક કાઉન્સિલીંગ કરશે. તેઓ સ્ટેપ બાય સ્ટેપ પધ્ધતિસર રીતે, સહેલાઈથી આપણી ડગમગતી નાવડીને સહી સલામત રીતે કિનારે પહોંચાડશે જેની કલ્પના પણ આપણે ન કરી શકીએ.

હતાશની લાગણીથી ફ્રસ્ટેસ્ટ અનુભવતા લોકોને સરળતાથી સમજાવતા તેઓ કહે છે કે 'જેઓ ડર, આશંકા બીકથી ભયભીત છે તેઓ લાગણીનું એક એકાઉન્ટ ખોલે. જ્યારે પણ ખુશી સંતુષ્ટિ, આનંદથી પરિપૂર્ણ રોમાંચિત ભાવ કે કરૂણા ભર્યા, પ્રેમ, લાગણી ભર્યા અનુભવો કરો છો ત્યારે તેની તારીખ સાથે તેની ક્યાંક નોંધ કરો, લખો અને તે કઈ રીતે અનુભવો છો તે તમારી ભાષામાં ટપકાવો. જ્યારે પણ કોઈ ભાવનાત્મક લકડાઉન હોય ઉદાસ, દયનીય હાલત, નિરાશા, હતાશા, એકલતા અનુભવતા હો ત્યારે તે સમયે અનુભવેલી ભાવનાઓ પાછી ખેંચી લો. આમ જીવનમાં અભાવ અને ઉમેરો થયો છે. તેની સરખામણી કરો વતા ઓછા કરી તે યાદ કરવા માટે તેનો ઉપયોગ કરો.'

આને લીધે તમારી લાગણીઓ વર્ષોના વર્ષ સુધી સલામત રહે છે. સંચિત રહેશે અને રસમય રહેશે. ભાવનાઓથી ભરેલી બેંક ક્યારે ખાલી થતી નથી કે નાદાર થતી નથી. કારણ કે તે તમારી ભાવનાઓની ક્યારે અન્ય લોકોને લોન આપતી નથી. આ બેંક તમને વ્યાજની જેમ ઉત્સાહ  ધગશનો વળતર પણ આપશે અને શારીરિક સ્વસ્થતા આપશે.

**સંપર્ક : વોટ્સએપ - અલ્પાબેન ધરમશી : ૯૫૯૧૨૭૯૦૩૬ (સમય - સવારે ૯ થી ૧૦ની વચ્ચે)**

# કેન્દ્ર સરકારની આયુષ્યમાન ભારત યોજના વિષે ઉપયોગી માહિતી આપતો વિડીયો સુનિલ મોમાયા દ્વારા રિલીઝ કરાયો



મૂળ સાંયરા હાલે ગદગ (કર્ણાટક)ના સુનિલ માલશી મોમાયા જેઓ ફાઈનાશ્યિલ એડવાઈઝર કમ ઈન્સ્યુરન્સ એડવાઈઝર તરીકે કાર્યરત છે. તેઓએ ૪.૩૬ મિનીટનો એક વિડીયો બનાવ્યો છે. જેમાં ભારત સરકારની હેલ્થ સ્કીમ આયુષ્યમાન ભારત યોજના વિષે જ્ઞાતિજનો માહિત થાય એ માટે તેઓ એ તલસ્પર્શી માહિતી આપી છે. જે સૌને ઉપયોગી થાય એવી છે. જે પ્રાઈમિનિસ્ટર જન આરોગ્ય યોજના પીએમ જય નામે પણ ઓળખાય છે.

આ યોજનાના મુખ્ય મુદ્દાઓ જ્ઞાતિજનો માટે શેર કર્યા છે. આજે બીમારીના ખર્ચા સામાન્ય માણસ માટે કમરતોડી નાખે એવા હોય છે. આ માટે સામાન્ય સાધારણ પરિવારોને નજર સમક્ષ રાખી આપણા પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી આયુષ્યમાન ભારત નામથી યોજના જે સપ્ટેબર ૨૦૧૮માં લોન્ચ કરી છે.

આ હેલ્થ ઈન્સ્યુરન્સ સ્કીમમાં અત્યાર સુધી ૫૦ કરોડ લોકોના નામ એમાં એનરોલ કરી દીધા છે. આમાં આપણું નામ છે કે નહીં એ જાણવા માટેના ૩ સોર્સ છે. એક તેમની પી.એમ. જય આયુષ્યમાન મોબાઈલ એપ. બીજા બે ટોલ ફ્રી નંબર છે. જેમાંનો ૧ નંબર ૧૪૫૫૫, બીજો નંબર છે ૧૮૦૦૧૧૧૫૬૫ અને ત્રીજો સોર્સ છે. આપણા આપણી ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલમાં જઈ આયુષ્યમાન મિત્ર સાથે સંપર્ક કરવાનું. આપણું નામ આ સ્કીમમાં એનરોલ થયો છે કે નહીં એ જાણી શકીએ છીએ.

આ સ્કીમમાં જો આપણું નામ દર્જ થઈ ગયું હોય તો આપણને ઈ-કાર્ડ મળે છે. આ ઈ-કાર્ડ આપણે કોઈપણ હોસ્પિટલ માત્ર ગર્વમેન્ટલ હોસ્પિટલ નહીં પણ પ્રાઈવેટ હોસ્પિટલમાં આપણે ફ્રી ઓફ કોસ્ટ ટ્રીટમેન્ટ કરાવી શકીએ છીએ. કોઈપણ રોગની મહતમ પાંચ લાખ સુધીની રકમની ટ્રીટમેન્ટ નિઃશુલ્ક થઈ શકે છે.

આ વિષયની વધુ જાણકારી માટે જેવી કે આપણી સારવારની લિમીટ કેટલી છે, કેટલી રકમ વપરાઈ ગઈ છે ટ્રીટમેન્ટમાં, આપણી જૂની બિમારી કઈ હતી, ન હતી, જેવી માહિતી પીએમ જય આરોગ્ય મોબાઈલ એપ આપણા મોબાઈલમાં પ્લેસ્ટોરમાંથી ડાઉનલોડ કરી રાખી શકીએ છીએ.

આજે હું સૌ મારા કેડીઓ જ્ઞાતિજનોને આગ્રહ કરું છું કે આ સ્કીમનો સૌ પૂરેપૂરો લાભ લે. ઘણા આપણા ભાવર એવા છે જ તેને આ આરોગ્ય સ્કીમની જાણકારી નથી અને ખબર પણ નથી કે આ યોજનાની નામ યાદીમાં સમાયેલ છે કે નહીં. આ માટે જે ત્રણ સોર્સ બતાવ્યા છે જેમાં એક ફોન નં., બીજો મોબાઈલ એપ અને ત્રીજા જિલ્લા હોસ્પિટલના આયુષ્યમાન મિત્ર મળીને જાણી લેવું કે આપણે આ સ્કીમમાં એનરોલ થયા છીએ કે નહીં.

સેન્ટ્રલ ગર્વમેન્ટની આ સ્કીમનો પહેલો ફેઝ છે જેમાં ૫૦ કરોડ લોકોને સામેલ કરી દીધા છે. ત્યાર બાદ શોર્ટ પિરીયડમાં બીજો ફેઝ શરૂ કરવાના છે જેમાં બાકી રહેલી ૮૦ કરોડ લોકો સામેલ થાય એ માટે પ્રયત્નશીલ રહેશે. ફરી જ્ઞાતિ બાંધવોને વિનંતી કે આ સ્કીમનો પૂરેપૂરો લાભ લે. આ આપણો અધિકાર છે જેને ખોવો ન જોઈએ.

હું આ સ્કીમની બાબતે વધુ સ્પષ્ટતા કરવા ઈચ્છું છું કે નાની હોય કે મોટી, જૂનો રોગ હોય, વારસાગત બીમારી હોય, કેન્સર જેવી બિમારી હોય, કેમોથેરેપી કરાવી જરૂરી હોય. હાર્ટની બીમારી હોય, બાયપાસ કરાવવું હોય આ બધી ટ્રીટમેન્ટ, ઓપરેશન ટોટલી ફ્રી છે. જે સુવિધા આપણી ભારત સરકાર તેના નાગરિકને અધિકારની રૂએ આપે છે એ પણ નિઃશુલ્ક જે માટે આ સ્કીમનો લાભ જરૂર લેવો જોઈએ.

આમ આ વિડીયો દ્વારા ઈન્સ્યુરન્સ એડવાઈઝર સુનિલભાઈ મોમાયાએ સરળ અને સાદી ભાષામાં કેન્દ્ર સરકારની જન આરોગ્ય યોજના વિષે મુદ્દાસર અને છણાવટથી માહિતી આપી છે.

# સંજીવની કેસ નં. ૨૩ને માટે રૂા. ૪૪ હજારની મદદ મળી

વારાપધ્ધરના હાલે ડોંબિવલીમાં રહેતા ૪૦ વર્ષીય યોગેન્દ્ર કિશોરભાઈ લાલકા ફ્રિલાન્સ ફોટોગ્રાફર તરીકેનો વ્યવસાય કરે છે. છેલ્લાં પાંચ માસથી હાલના સંજોગોને કારણે કામકાજ બંધ હોતા માસિક ગુજારા માટેની આવક પણ સદંતર બંધ છે અને બચત મૂડી ખર્ચાઈ ગઈ. ઈન્સ્યુરન્સ પોલિસીનું પ્રીમિયમ હપ્તો પણ આર્થિક તાણ વશ ભરી શક્યા નહીં. એટલે વીમા સંરક્ષણ પણ ગુમાવ્યું હતું.

સમસ્ત મહાજનની મેડિકલ સમિતિના પીઠબળથી મે માસમાં અકસ્માતના કારણે કાંડા ઉપર ફ્રેક્ચર આવી ગયેલ તે સમયસર અને સારી સારવાર કરાવાથી સ્વસ્થ થયા. પણ ફરી પાછા દુર્ભાગ્યવશ તા.૧૮ જુલાઈ શનિવારના નોબલ હોસ્પિટલમાં ભરતી થયા હતા. તેઓને ઓંચિતા પેટ અને આંતરડામાં તીવ્ર દુ:ખાવો ઉપડ્યો જેને કારણે ડોક્ટરની સલાહથી તાત્કાલિક હોસ્પિટલમાં ભરતી થવું પડ્યું. આની સારવાર અને હોસ્પિટલના ખર્ચ જોગ રૂા.૪૪ હજારની મદદ અરજી તેમના તરફથી મેડિકલ સમિતિ પાસે આવી હતી.

સદર કેસમાં યોગેન્દ્ર લાલકાને વહેલી તકે મદદરૂપ થઈ આપણે તેમના બા બેલી બનીએ એવી અપીલ ઉદારદિલ જ્ઞાતિજનો સમક્ષ મૂકાઈ હતી.

સહર્ષ સાથે આ અપીલ માટે સંજીવની પેટ્રન, મહાજન-ગ્રુપ અને વ્યક્તિગત દાતા અને જ્ઞાતિ શુભેચ્છકોની ઉદાર ભરી સહાયથી જોઈતી મદદ તાત્કાલિક જમા થઈ ગઈ.

પેશન્ટ યોગેન્દ્ર કિશોરભાઈ લાલકા હોસ્પિટલમાંથી ડિસચાર્જ થઈ સુખરૂપ સ્વનિવાસ સ્થાને આવી ગયા છે અને ત્વરાથી તેઓ પુન: સ્વસ્થતા મેળવે એવી શુભેચ્છા આપીએ છીએ.

ઉદારદિલ સૌ મદદકર્તા દાતાઓની અનુમોદના, આભાર વંદના કરીએ છીએ.

# મુંબઈ જ્ઞાતિ મહાજન શાલિભદ્ર સાધર્મિક સહાય યોજનાના સર્વે ફોર્મ મોકલવા માટેની સૂચના

છેલ્લા ૩ માસથી કોરોના મહામારીનો સમયને કારણે વ્યાપાર ધંધા અને વ્યાવસાયિક કામકાજ ઠપ થઈ ગયા છે. ત્યારે શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન, મુંબઈ દ્વારા જરૂરિયાતમંદ જ્ઞાતિજનો માટે સખી લાભાર્થીઓના સથવારે શ્રી શાલિભદ્ર સાધર્મિક યોજના મે મહિનામાં શરૂ કરવામાં આવી. આ યોજના હેઠળ અત્યાર સુધીમાં સમગ્ર ભારતભરમાંથી ૯૪૨ પરિવારજનો એ લાભ લીધો છે. આ યોજના હેઠળ કુલ્લ ત્રણ મહિના માટે એટલે કે મે, જૂન અને જુલાઈ એમ ત્રણ માસિક હપ્તા દ્વારા ચોક્કસ રકમની સહાય દરેક જરૂરિયાતમંદ પરિવારને કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. જે અનુસાર મે અને જૂન મહિનામાં રકમ આપવામાં આવી છે.

આ સમય દરમ્યાન ઉપરોક્ત દર્શાવેલ ૯૪૨ પરિવારો માટે હજુ કાંઈ વિશેષ કરવાની ઈચ્છાથી એક સર્વે ફોર્મ (Skill Devlopment & Loan Requirement Compulsory Survey Form) પણ મોકલવામાં આવ્યા હતા. પણ અત્યાર સુધી માત્ર ૨૦૦ જેટલાં જ પરિવારોએ આ ફોર્મ ભરીને પાછું મોકલ્યું છે.

માટે ફરી એકવાર આ સર્વે ફોર્મ (Survey Form) મોકલાવેલ છે. તો જેમણે પણ આ યોજનામાં લાભ લીધો છે અને સર્વે ફોર્મ ભરીને મોકલાવ્યું ન હોય તો સત્વરે મોકલાવવું જેથી સહાયનો ત્રીજા હપ્તાની ચૂકવણી થઈ શકે.

કેડીઓ કેરર્સ લીંક https://forms.gle/XX2wBwF91scoZtW89 ઉપર જઈ કમ્પલરી આ સર્વે ફોર્મ (Survey Form) તાત્કાલિક ભરીને મોકલી દેવું.

# શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ મહાજનની વર્ષ ૨૦૨૦-૨૦૨૫ના પદાધિકારીઓએ પદભાર સંભાળ્યો



શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈના જૂની અને નવી કારોબારી કમિટીના માનવંતા પદાધિકારીઓની સંયુક્ત બેઠક તા.૨૩ જુલાઈ ગુરૂવારના રોજ બપોરે ૨ કલાકે શ્રી અનંતનાથજી દેરાસરમાં મુંબઈ મહાજન કાર્યાલય મધે સંપૂર્ણ ચાર્જની સોંપણી કાજે મળેલ. વાસ્તવમાં આ હસ્તાંતર પ્રક્રિયા તા.૩૧ માર્ચ ૨૦૨૦ના થવું જોઈતું હતું. પરંતુ ભારત સરકાર દ્વારા વૈશ્વિક મહામારી ઉપદ્રવ સામે લડવા અને લોકોના આરોગ્યના રક્ષણ માટે સંપૂર્ણ ભારતમાં સખત લોકડાઉન ભારત બંધની કરાયેલ જાહેરાતને કારણે આ પ્રક્રિયા મુલત્વી રાખવામાં આવેલ.

સંયુક્ત બેઠકની નિર્ધારીત કરાયેલ નવી તારીખ મુજબ તા.૨૩ જુલાઈ ૨૦૨૦ ગુરૂવારની મિટીંગમાં બંન્ને વ્યવસ્થાપક સમિતિના પદાધિકારીઓ હાજર રહેલ હતા. જેમાં સંપૂર્ણ ચાર્જની સોંપણી ખૂબજ શાંતિપૂર્વક, વિશ્વાસપૂર્ણ વાતાવરણમાં તેમજ પૂર્ણ વિધિવત રીતે કરવામાં આવેલ.

શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ ટર્મ વર્ષ ૨૦૧૫-૨૦૨૦ના સર્વે પદાધિકારીઓ તેમજ વ્યવસ્થાપક સમિતિ સભ્યોને મળેલ પૂર્ણ સાથ, સહકાર અને વિશ્વાસ બદલ સર્વે ક.દ.ઓ. જ્ઞાતિજનોનું ખુબ ખુબ આભાર વ્યક્ત કરેલ. આ પાંચ વર્ષ દરમ્યાન કોઈપણ પદાધિકારી અથવા વ્યવસ્થાપક સમિતિ સભ્ય દ્વારા જાણતા-અજાણતા કોઈનું મન દુભાયું હોય તો ત્રિવિધે ત્રિવિધે મિચ્છામિ દુક્કડમ. કલ્પેશ માણેકજી મોતા પ્રમુખશ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન તથા વ્યવસ્થાપક સમિતિના સૌ સભ્યો વર્ષ ૨૦૧૫-૨૦૨૦ દ્વારા વ્યક્ત કરાયા.

# શિવમસ્તુ તીર્થની ભાવિકજનો માટે મહત્વની સૂચના

ગત માસે તા.૮ના સરકારશ્રીની ગાઈડ લાઈન પ્રમાણે અનલોકના નવા નિયમો જાહેર કરાયા. તે અનુસાર ધર્મ સ્થાનકો ખુલ્લાં મૂકાયા હતા. શિવમસ્તુ તીર્થના ગેઈટ પણ ભાવિક ભક્તગણ, શ્રધ્ધાળુ શ્રાવક, શ્રાવિકાઓ માટે ખુલ્લા મૂકાયા. પરંતુ હાલે કચ્છમાં કોરોના વાયરસના કેસ બેકાબૂ બની રહ્યાં છે. ત્યારે સહુના હિતને ધ્યાનમાં લઈ શિવમસ્તુ તીર્થમાં દર્શને આવવાનું, રૂમો આપવાનું કે ભોજનાલયમાં જમવા વિગેરેનું બહારથી આવનાર માટે સદંતર બંધ રાખવામાં આવે છે.



અનિવાર્ય કારણ સિવાય મેઈન ગેઈટ ખોલવામાં આવતો નથી. માટે દર્શન, વંદન કે વ્યાખ્યાનવાણીનો લાભ લેવા અથવા હરવા ફરવાના ઉદ્દેશ માટે પણ કોઈએ આવવાની તસ્દી લેવી નહીં.

સંજોગાધિન પરિસ્થિતિ અને સમય અનુકુળ થશે ત્યારે ફરી નવો મેસેજ મોકલી આ વિષેની જાણકારી સૌને અપાશે. આ જાણકારીનો મેસેજ આપ આપના ગ્રુપ સર્કલમાં મોકલી સૌને માહિતગાર કરવા શિવમસ્તુ તીર્થ દ્વારા ક્ષમાયાચના સહ વિનંતી કરાઈ છે.

# ઈન્સ્યુરન્સ ક્ષેત્રમાં એક્ચ્યુરી (Actuaries) તરીકે ઉચ્ચ પદવી મેળવનાર મુલુંડવાસી પરમ દિનેશ ધરમશી



આપણે લાઈફ ઉપરાંત કારનો, મકાનનો, ચોરીનો એમ વિવિધ પ્રકારના ઈન્સ્યુરન્સ કઢાવીએ છીએ પરંતુ એના માટે જે પ્રીમિયમની રકમ ભરીએ છીએ તે રકમ કેવી રીતે અને કોણ નક્કી કરે છે એ કદી વિચાર્યું છે?નહીં ને?તો ચાલો, આપને જણાવી દઈએ કે દરેક પ્રકારના વીમાના પ્રીમિયમની ગણતરીનું બહુ મહત્વનું કામ એક્ચ્યુરી (Actuaries) નામે ઓળખાતા નિષ્ણાતો કરે છે. મહત્વનું એટલા માટે કે જો પ્રીમિયમની રકમ વધુ હોય તો ગ્રાહકોને તે પરવડે નહીં અને આઈઆરડીએ જેવી નિયંત્રક સંસ્થાઓ પણ તેને મંજૂરી આપે નહીં અને જો પ્રીમિયમ ઓછું હોય તો વીમા કંપનીને નુકસાની જાય. એટલે એક રીતે કહીએ તો વીમા કંપનીઓમાં કાર્યરત એક્ચુરી દ્વારા વીમાનું પ્રીમિયમ નક્કી કરવાનું કામ તલવારની ધાર પર ચાલવા જેવું છે.

એક્ચ્યુરી દ્વારા કરાતા કામ અંગે વિગતવાર માહિતી આપવાનું કારણ એ કે આજે આપણા સમાજના એવા જ એક નિષ્ણાત એક્ચ્યુરી (Actuaries) પરમ દિનેશ ધરમશીનો પરિચય વાચકોને આપવો છે. પરમની ઝળહળતી વ્યવસાયિક કારકિર્દી અંગે માહિતી મેળવીએ એ પહેલાં એક્ચ્યુરી (Actuaries) બનવા શું કરવું જોઈએ તે જાણીએ. એક્ચ્યુરી (Actuaries)ની લાયકાત મેળવવા માટે યુ.કે.ની ઈન્સ્ટીટ્યુટ એન્ડ ફેકલ્ટી ઓફ એક્ચ્યુરીઝ દ્વારા ઈન્સ્યુરન્સ ઉપરાંત એકાઉન્ટન્સી, કમ્યુનિકેશન જેવા ૧૫ વિષયોની પરીક્ષા પાસ કરવી પડે છે. આ ૧૫ વિષયોની પરીક્ષાઓ પાસ કરવા માટે કોઈ સમય મર્યાદા નથી. એક કે એથી વધુ વિષયોમાં પુરતી તૈયારી કરી એક પછી એક એમ પરીક્ષાર્થીની અનુકૂળતાએ પરીક્ષા આપી શકાય છે. સામાન્ય રીતે આ પરીક્ષાનું ધોરણ એટલું ઊંચું હોય છે કે હાલમાં સમગ્ર ભારતમાં ૪૦૦થી પણ ઓછા એક્ચ્યુરીઝ છે. પરમ ધરમશી

**એક્ચ્યુરી (Actuaries) નો કોર્સ કરવા માટે ધોરણ ૧૨ પછી તમે એક પછી એક એમ ૧૫ એક્ઝામ આપી શકો છો**

**૧૫ વિષયો પાસ કરવા માટે કોઈ સમય મર્યાદા નથી**

મુલુંડમાં એક્ચ્યુરી (Actuaries)ની પરીક્ષા પાસ કરનાર કેડીઓ સમાજની બીજી વ્યક્તિ છે. પ્રથમ વ્યક્તિ તરીકેનું માન ધનજીભાઈ લોડાયા (અજાણી)નું હતું. ત્યારબાદ પરમ ધરમશીને જાય છે.

પરમની કૌટુંબિક વિગતો અને શૈક્ષણિક કારકિર્દી જોઈએ તો મુલુંડ(વેસ્ટ)માં દેવીદયાલ રોડ સ્થિત ગાર્ડન વ્યુ બિલ્ડીંગમાં રહેતા અને ૨૬ ઓગસ્ટ ૧૯૮૭ના જન્મેલા પરમ દિનેશભાઈ ધરમશીએ બી.કોમ.ની પરીક્ષા મુલુંડ કોલેજ ઓફ કોમર્સમાંથી બેન્કિંગ એન્ડ ઈન્સ્યુરન્સ વિષયો સાથે ૨૦૦૮માં પાસ કરી. અત્રે ઉલ્લેખનીય છે કે પરમના દાદા ત્રિકમજી ખેતશી ધરમશી (મૂળ ગામ રંગપુર-હાલાર) જે સમાજમાં બાબુભાઈ વીમાવાળા તરીકે પ્રખ્યાત હતા અને તેમણે એલઆઈસી ઉપરાંત યુનાઈટેડ ઈન્ડિયા ઈન્સ્યુરન્સ કંપનીમાં ડેવલપમેન્ટ ઓફિસર તરીકે સેવાઓ આપી હતી. મૂળ ગામ દલતુંગીના હીરજી શામજી લાપસિયા પરમના નાના થાય. વીમા ક્ષેત્રના નિષ્ણાત તરીકે દાદાની ઉજ્જવળ પરંપરાને જાળવી રાખતાં પરમએ ઈન્સ્યુરન્સ ક્ષેત્રમાં આગળ વધવા ૨૦૦૯થી ૨૦૧૧ દરમ્યાન પુના સ્થિત નેશનલ ઈન્સ્યુરન્સ એકેડેમી (એનઆઈએ)માં અભ્યાસ કરી એમબીએની ડીગ્રી મેળવી. પરમએ ગ્રેજ્યુએટ થવાથી પહેલાં જ એટલે કે ૨૦૦૭ થી એક્ચ્યુરી (Actuaries) એક્ઝામના એક એક વિષયની પરીક્ષાઓ પાસ કરવાનું શરૂ કરી દીધું હતું. તેઓ હાલમાં જ એટલે કે જુલાઈ ૨૦૨૦માં એક્ચ્યુરી (Actuaries) ની ૧૫મી એક્ઝામ પાસ કરી ફુલ ફ્લેજ્ડ એક્ચ્યુરી (Actuaries) બન્યા છે. નોન-લાઈફ એટલે કે જનરલ ઈન્સ્યુરન્સ એ એમની સ્પેશિયાલીટી છે. આવી ટફ પરીક્ષા પાસ કરી સર્ટિફાઈડ એક્ચ્યુરી (Actuaries) બનવા બદલ પરમને જ્ઞાતિમૈયા તરફથી હૃદયપુર્વક અભિનંદન!

**ઈંગ્લેન્ડ અથવા ઈન્ડિયાની એક્ચ્યુરી (Actuaries) ઈન્સ્ટિટ્યુટમાંથી ૧૫ વિષયો પાસ કરવાના રહેશે**

**પરમના મતે ઈંગ્લેન્ડ એક્ચ્યુરી (Actuaries) ઈન્સ્ટિટ્યુટથી તમે જલ્દી પાસ થઈ શકો છો**

પરમની વ્યવસાયિક કારકિર્દી પણ ખૂબ ઉજ્જવળ રહી છે. એમબીએ કર્યા પછી તરત જ ૨૦૧૧માં તેઓ એચડીએફસી-એરગોમાં જોડાયા. ૨૦૧૧થી ૨૦૧૭ સુધી અહીં કાર્યરત રહ્યા બાદ ૨૦૧૭માં તેઓ દેશની પ્રતિષ્ઠિત એસબીઆઈ-જનરલ ઈન્સ્યુરન્સમાં જોડાયા જ્યાં હાલ તેઓ એક્ચ્યુરી (Actuaries) તરીકે ખૂબ મહત્વની ફરજ બજાવી રહ્યા છે. પરમ તેમની વ્યવસાયિક કારકિર્દીમાં ખૂબ પ્રગતિ કરી સિદ્ધિના ઉચ્ચ શિખરો સર કરે એવી શુભેચ્છા!

# મહાજનવાઈસ ગ્લોબલ કાર્ડના ડિસ્ટ્રીબ્યુશનની યાદી

**કેડીઓ ગ્લોબલ કાર્ડ સમિતિના ચેરમેન કુમારભાઈ દંડ દ્વારા એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું હતું કે વિવિધ મહાજનો દ્વારા કેટેગરીવાઈસ ગ્લોબલ કાર્ડનું ડિસ્ટ્રીબ્યુશન પૂરજોશમાં ચાલુ છે વિશેષમાં જણાવવામાં આવ્યું હતું કે તા.૨૦ જુલાઈ ૨૦૨૦ સુધી જે કાર્ડોનું મહાજનવાઈસ ડિસ્ટ્રીબ્યુશન થઈ રહ્યું છે તેની વિગત નીચે પ્રમાણે આપેલી છે અને સવિશેષ જણાવ્યું હતું કે જે મહાજનોએ ફોર્મ ન મોકલ્યા હોય તેઓ વહેલામાં વહેલી તકે તેમના ફોર્મ સમસ્ત મહાજનની બરોડા કાર્યાલય ખાતે મોકલી દેવા વિનંતી**

## Details of Various Cards Received from Various Mahajan or Mahajan Resident for KDO Global Cards as on 20-Jul-2020

| Mahajan Name | Blue 1 Years | Blue 5 Years | Bronze Card | Platinum Card | Platinum-Add on | Silver Card | Silver-Add on | Grand Total |
|---|---|---|---|---|---|---|---|---|
| Allepey Mahajan | 1 | - | - | - | - | - | - | 1 |
| Bangalore Mahajan | - | 1 | 1 | - | - | - | - | 2 |
| Calicut Mahajan | 28 | 42 | - | - | - | - | - | 70 |
| Chalisgaon Mahajan | 36 | - | - | - | - | - | - | 36 |
| Chopda Mahajan | 28 | 5 | 1 | - | - | - | - | 34 |
| Cochin Mahajan | - | 1 | - | - | - | - | - | 1 |
| Dhuliya Mahajan | 81 | - | - | - | - | - | - | 81 |
| Gadag Mahajan | 1 | - | - | - | - | - | - | 1 |
| Hyderabad Mahajan | 3 | - | - | - | - | - | - | 3 |
| Jalgaon Mahajan | 55 | - | - | - | - | - | - | 55 |
| Khamgaon Mahajan | 39 | 3 | - | - | - | - | - | 42 |
| Kutch Ekkam | 2 | 2 | - | - | - | - | - | 4 |
| Malkapur Mahajan | 147 | - | - | - | - | - | - | 147 |
| Mumbai Mahajan | 290 | 40 | - | - | - | - | - | 330 |
| Mumbai Mahajan-Direct | 111 | 55 | - | 1 | 3 | - | - | 170 |
| Naliya Mahajan | - | 129 | - | - | - | - | - | 129 |
| Pachora Mahajan | 56 | - | - | - | - | - | - | 56 |
| Parola Mahajan | 23 | - | - | - | - | - | - | 23 |
| Paschim Ekkam-Direct | 31 | 12 | - | 1 | 6 | - | - | 50 |
| Sangli Mahajan | 79 | 44 | - | - | - | 1 | 1 | 125 |
| Surat | 3 | 1 | - | - | - | - | - | 4 |
| Vapi Mahajan | 27 | - | - | - | - | - | - | 27 |
| Yavatmal Mahajan | 7 | 26 | - | - | - | - | - | 33 |
| Chennai Mahajan | 38 | - | | | | | | 38 |
| **Grand Total** | **1086** | **361** | **2** | 2 | **9** | **1** | **1** | **1462** |

**Note for above:- Bold Indictes applictions received by Individual directly but specified under respective mahajan**

# જ્ઞાતિના સિતારાઓને અભિનંદન



Chandni Rajesh Maisheri
Kothara - Bhandup
78.00%



Dolly Tushar Mota
Tera - Mulund
A grade in BMM



Jaiiraj Gautam Maisheri
Moti Sindhodi - Bhandup
10th 96.08%



Kali Paresh Chheda
Naliya - Vapi
82.00%



Urvi P. Dharamshi
Kothara - Nagpur
97.4%



Rahul R. Chheda (Hubli)
95.17% in his PUC II$^{nd}$
Year Exams-2020










## ભાવભીની શ્રદ્ધાંજલિ



રવિવાર, તા.૧૭ જુલાઈ
ભરત મેઘજી ખોના
(ઉ.૬૭ વર્ષ)
સાંધવ, ડોંબિવલી

## પરમ પ્રભુ પરમાત્મા સદ્ગતની આત્માને ચિરશાંતિ અર્પે એજ પ્રભુ પ્રાર્થના

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિના મૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો વિગતમાં આપ નામ, ફોટો, ઉમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે**

**આપણા ૧ થી ૫ વર્ષ સુધીના નાના ભુલકાઓ માટેની આ કોલમ જેમાં આપ આપના ભુલકાનો ફોટો, નામ, માતા-પિતાનું નામ, ઉમર અને ગામ, અને વસવાટ વગેરે વિગત મોકલી તેને બર્થ-ડે શુભેચ્છા આપી શકો છો.**

**SSC, HSC અને પોસ્ટ ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓના ફોટો તથા વિગત મોકલો**

**Email : gyatimaiya2018@gmail.com**

**સંપર્ક : વોટ્સએપ - મનિષા લાલકા : ૯૮૨૦૫૪૫૭૩૪, વર્ષા લોડાયા - ૯૮૩૩૦૭૨૮૭૯**

# કેડીઓ જીવીસી જૈન સંઘ પર્યુષણ મહાપર્વ સહાય કીટ યોજના

દર વર્ષની જેમ પયુર્ષણ મહાપર્વની ઉજવણી શ્રી ક.દ.ઓ.જી.વી.સી. જૈન સંઘ દ્વારા કરવામાં આવે છે. પણ આ વર્ષે પર્યુષણ મહાપર્વની ઉજવણી દરેક સભ્યોએ પોતાના ઘરમાં રહીને કરવાની છે.

આ પર્યુષણ મહાપર્વને આ વખતે યાદગાર બનાવવા શ્રી સંઘ દ્વારા દરેક સભ્ય પરિવાર દીઠ રોજીંદી જિંદગીમાં ઉપયોગી વસ્તુઓની કીટ તૈયાર કરી દરેક સભ્ય પરિવારને રૂ.૯૦૦માં આપવામાં આવશે. આ કીટ દરેક પરિવાર દીઠ એક જ આપવામાં આવશે. આ કીટ મેળવવા માટે નામો ઘાટકોપર (ઈસ્ટ) અનિલ શામજી ખોના-૯૨૨૪૨૮૦૩૧૪, કૌશિક હિરાચંદ દંડ-૯૮૨૦૧૬૭૭૬૭, ઘાટકોપર (વેસ્ટ)માં જીતેન્દ્ર ઉમરશી લોડાયા-૭૪૯૮૧૬૬૮૦૩, ચિરાગ રજનીકાંત નાગડા-૮૬૫૨૬૮૧૬૮૬ પાસે તા.૧ ઓગસ્ટ સુધી નોંધાવવા.

અનાજ કીટમાં અપાનારી વસ્તુઓનું લીસ્ટ જેમાં ઘઉ ૫ કિલો, સુરતી કોલમ ચોખા ૩ કિલો, પરીમલ ચોખા ૨ કિલો, સાકર ૩ કિલો, ગોળ ૨ કિલો, દેશી ઘી ૧ કિલો, રીફાઈન્ડ તેલ ૧ લિટર, મગદાળ છલ્ટી ૧ કિલો, ચણાદાળ ૧ કિલો, મગ ૧ કિલો, તુવરદાળ ૧ કિલો, ચણા ૧ કિલો સમાવેશ છે.

અનાજ કીટનું વિતરણ તા. ૯ ઓગસ્ટ રવિવારના સવારે ૯ થી ૧૨ દરમ્યાન ઘાટકોપર (ઈસ્ટ)માં અનંત છાયા, ૬૦ ફીટ રોડ, જ્યારે ઘાટકોપર (વેસ્ટ)માં ૪૦૪ વ્રજભુવન, નવરોજી લેન, પરમ કેશવ બાગની બાજુમાં મોબાઈલ નં.૭૦૨૧૫૦૩૯૮૯ આખા વર્ષ દરમ્યાન શ્રી સંઘના પ્રમુખ વરિષ્ઠ કમિટી અને કારોબારી દ્વારા કોઈને મન-વચન-કાયાથી હૃદય દુભાવ્યું તો સકળ સંઘ શ્રી વતીથી મિચ્છામિ દુક્કડમ્.




● અંજારના ધોરણ ૧૨માના વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થી દેવ દક્ષિણીએ લોકડાઉનનો સદપયોગ કરીને ઘરમાં પડેલા જૂના રમકડાં અને સાધનોથી ઓટોમોટિક પોર્ટેબલ હેન્ડ સેનિટાઈઝર ડિસ્પેન્સર મશીન તૈયાર કર્યું છે. આ ફૂલ્લી ઓટોમેટિક ડિસ્પેન્સર અડક્યા વિના માત્ર હાથ મૂકતા આપોઆપ હેન્ડ સેનીટાઈઝર હથેળીમાં આવી જાય છે અને હાથ ઘસી લેતા વાયરસ ફ્રી થઈ જાય છે. આ સાવ નાનકડું સાધન ઘર, દુકાન, ઓફિસ કે શોરૂમમાં મૂકી શકાય છે અને જે માત્ર રૂા.૨૫૦-૩૦૦ જેવી કિંમતમાં તૈયાર થાય છે. આ હેન્ડ સેનિટાઈઝર નાના બેટરી કે ઈલેક્ટ્રીક એડેપ્ટર બંનેથી ચલાવી શકાય છે.

● લોકડાઉન પરિસ્થિતિમાં ફરજિયાત રીતે લોકો ઘરમાં બંધ અને બહાર નીકળવાના પ્રતિબંધ હેઠળ રહે છે. ત્યારે યુવાનો ઘરમાં બેઠા અબોલ જીવો માટે પણ વિચારે છે. ભુજના આવા યુવાનો લોકડાઉનના પ્રથમ દિવસથી જ પશુ પક્ષીઓને ખોરાક પૂરો પાડે છે. વરૂણ સચદે, તેની બહેન કરિશ્મા સચદે, મિત્રો મીત પીઠડિયા, ડૉ. મંથન હીરાણી, ધરમ શેઠિયા, અર્જુન ભાનુશાલી, પવન ગોર તથા વીરા કંસારા રોજે રોજે ૮૦ થી ૧૦૦ જેટલી ગાયો, ૧૦૦ થી ૧૨૫ જેટલા કૂતરાઓ તથા અસંખ્ય પક્ષીઓને ખોરાક પૂરો પાડે છે. જેમાં રોજના બેથી ત્રણ કલાકનો સમય આપવો પડે છે. આ પ્રવૃત્તિનો વિડીયો સોશ્યલ મીડિયા પર પણ મૂક્યો છે.

● ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણ શર્મા કચ્છ યુનિવર્સિટીને ચોથા કુલપતિ તરીકે વડોદરા સ્થિત મહારાજ સયાજીરાવ યુનિવર્સિટીના ફેકલ્ટી ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝ વિભાગના ડિન અને અધ્યક્ષ પ્રો. જયરાજ સિંહ દિલાવર સિંહ જાડેજાની નિમણૂકની જાહેરાત કરાઈ છે. તેમની નિમણૂંક ત્રણ વર્ષ માટે છે.

● કોરોના વાયરસના સંક્રમણથી બચવા સરકાર દ્વારા દરેકએ માસ્ક પહેરવું ફરજિયાત કરાયું છે. એને લીધે વિવિધ પ્રકારના વોશેબલ મટિરીયલથી લઈને વિવિધ કલર, ડિઝાઈનના માસ્ક બજારમાં વેંચાવા લાગ્યા. કચ્છમાં પશુ-પંખી, બ્લોક પ્રિન્ટ, ફૂલ ચેક્સ, અજરખ પ્રીન્ટ તથા કચ્છી કળા દર્શાવતા માસ્ક ઓનલાઈન વેંચવા શરૂ થયા છે. આમ રોગચાળો પણ નવી ફેશન, નવી આઈટમ લઈને આવ્યો છે.

● કચ્છી જૈન ફાઉન્ડેશન અને કચ્છી વિશા ઓસવાળ જૈન મહાજન (સાયન) દ્વારા લોકડાઉનને કારણે મુશ્કેલી મુકાયેલા મધ્યમ ધંધાર્થીઓને રાહત આપતાં વેપારીઓ, ગૃહઉદ્યોગકારો, કારખાનેદારોને રૂા.૧૦ લાખ સુધીના લોન નહીંવત વ્યાજ દરે આપશે. આમાં ત્રણ કેટેગરી રખાઈ છે રૂા.૫૦ હજાર, રૂા.બે લાખ અને રૂા.૧૦ લાખ. બે લાખ સુધીની લોન માત્ર ૨ ટકાના દરે જ્યારે રૂા.૧૦ લાખની લોન લેનારે ૩ ટકાના દરે વ્યાજ ભરવાનો આવશે. લોન પાંચ વર્ષની મુદતની હશે. બાકી રહેતું વ્યાજ અડધું કવીઓ જૈન મહાજન (સાયન) અને આરતી ફાઉન્ડેશન દ્વારા ચુકતે કરાશે.

● લોકડાઉન સમયગાળા દરમ્યાન કચ્છના મોટા ભાગના કારીગરો ઘરોમાં પોતાના ગજા પ્રમાણે માલ તૈયાર રાખ્યો છે. પણ, વેંચાણ વ્યવસ્થા બિલકુલ પડી ભાંગતા હસ્તકળાના વ્યવસાય પર ભારે ફટકો પડ્યો છે. ખાસ કરીને કચ્છની લુપ્ત થતી લાખકામ, નામદા, રોગાન જેવી કારીગરની હાલત ભારે કફોડી બની છે. ઘરમાં તૈયાર રાખેલ સ્ટોકનું શું કરવું તેની ચિંતા કસબીઓને સતાવી રહી છે. આવી પરિસ્થિતિમાંથી અનેક દુઃખી કારીગરોને સધિયારો આપવા જાણીતા કળા રોગાનના પદ્મશ્રી એવોર્ડ વિજેતા કસબી અબ્બદુલ ગફાર ખત્રીએ રાજ્યના મુખ્યમંત્રીને લખી માંગ કરી છે.

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)




insurancekhoj.com™

the ultimate stop for insurance ™

Yashodhan Karani – 9821137737 ♦ Deepak Karani - 9821082664

**Karani**

insurancekhoj@gmail.com • 9004999900

# 404, BPS PLAZA, DEVIDAYAL ROAD, MULUND (WEST), MUMBAI - 400 080.

**MUMBAI • PUNE • JALGAON • JAMNAGAR • BHUJ • RAJKOT • HUBLI • BHOPAL**

KDO Gyatimaiya Weekly E-magazine KDO